# સાબરકાંઠાજીલ્લા પંચાયતના નિવૃત્ત કર્મચારીની પ્રકૃતિની અનોખી સેવા

**ગણેશજીની માટીમાંથી બનાવેલી ઇકો ફ્રેન્ડલી મૂર્તિઓનું નિર્માણ કરી વેચાણ કરે છેઃ તહેવારો પ્રકૃતિ સાથે છેડછાડ માટે નહીં પણ સંવર્ધન માટે છે - જયંતીભાઇ**

બાયડ તા.૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના જયંતીભાઈ જોષીની પ્રકૃતિને અનોખી સેવા, તહેવારો પ્રકૃતિ સાથે છેડછાડ માટે નહીં પણ સંવર્ધન માટે છે. સાબરકાંઠા જિલ્લામાં હાલમાં આવનાર ગણેશ મહોત્સવની તૈયારીઓ ચાલી રહી છે. આ ગણેશ ઉત્સવમા ગણપતિની માટીની મૂર્તિઓ બનાવી જયંતીભાઈ પ્રકૃતિની સેવા કરતા હોવાનું ગૌરવ અનુભવે છે. જયંતીભાઈ જોષી જિલ્લા પંચાયતના નિવૃત્તિ કર્મચારી છે. તેઓ ગણપતિજીની ઈકો ફ્રેન્ડલી એટલે કે માટીમાંથી બનાવેલી મૂર્તિઓનું નિર્માણ કરી વેચાણ કરે છે. આ મૂર્તિઓ માટે તેઓ કલકત્તાથી ખાસ માટી મંગાવે છે. આ માટીની વિશેષતા એ છે કે આ મૂર્તિઓ તડકામાં સુકવતા તેમાં તીરાડ પડતી નથી અને પાણી પડતા સાથે જ ઓગળવા લાગે છે. જેથી આ મૂર્તિ નદીમાં પધરાવવામાં આવે ત્યારે તે સંપૂર્ણપણે ઓગળી જાય છે. તેથી નદીના અન્ય જીવોને કોઈ નુકસાન થતું નથી. આ મૂર્તિઓને શણગાર માટે વાપરવામાં આવતા રંગ પણ નાના બાળકોને વાપરવામાં આવતા વોટર કલરનો જ ઉપયોગ કરી શણગારવામાં આવે છે.



વધુમાં જયંતીભાઈ જણાવે છે કે, સરકાર ની ગાઈડલાઈન મુજબ ચાર ફૂટ સુધીની જ મૂર્તિઓ બનાવે છે. તેમની પાસે ૬ ઈંચથી લઈને ૪ ફૂટ સુધીની ગણપતિજીની મૂર્તિ વેચાણ માટે ઉપલબ્ધ છે. જેની કિંમત રૂ. ૨૦૦/- થી લઈ રૂ. ૫૦૦૦/- સુધીની હોય છે. છેલ્લા પાંચ વર્ષથી તેઓ આ કામ કરી રહ્યા છે. તેઓ વધુમાં જણાવે છે કે, લોકોમાં હવે જાગૃતિ આવી રહી છે કે પ્રકૃતિને નુકશાન ન થાય તેમ તહેવારોની ઉજવણી કરવી. હવે લોકો પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિની જગ્યાએ માટીની મૂર્તિઓ વધુ પસંદ કરે છે. આ મૂર્તિઓનુ વિર્સજન સરળતાથી થાય છે અને પ્રકૃતિને નુકશાન થતુ નથી.

પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિ નદી કે તળાવમાં પધરાવતા તે ઓગળતી નથી અને તેના કારણે નદીઓમાં અને તળાવોમાં પ્રદૂષણ ફેલાય છે. જેથી જળચર જીવો મૃત્યુ પામે છે. સાથે પાણી દુષિત થઈ ઉપયોગ લાયક રહેતુ નથી.જ્યારે આ માટીથી બનેલી મૂર્તિઓ નદી તળાવ કે પછી ઘરે પાણી ભરેલા પાત્રમાં મુકી વિર્સજીત કરી શકાય છે. કારણ કે આ માટી ઓગળી જતાં તેને પોતાના ઘરના બગીચા કે તુલસી ક્યારામાં વાપરી શકાય છે.

# મોડાસા શહેરમાં ટ્રાફીકની વિકરાળ સમસ્યા, રખડતાં ઢોરના આતંકથી વેપારી-પ્રજા ત્રાસી

**પાલિકા દ્વારા કાયમી સમસ્યાનું નિવારણ લાવવા પ્રયાસ**

મોડાસા (બ્યુરો ઓફિસ) તા.૦૭

શિક્ષણ અને મેડીકલ નગરી મોડાસા શહેરમાં દિવસે-દિવસે ટ્રાફીકની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. હળવા ટ્રાફીક માટે મૂકાયેલા ટી.આર.બી. જવાનો માત્ર હાજરી પુરાવી અદ્રશ્ય થઈ જાય છે જેના કારણે વાહન ચાલકો પરેશાનીમાં જોવા મળે છે. અધુરામાં પુરૂ રખડતા ઢોરના આતંકથી વેપારીઓ અને પ્રજા ત્રાસી ઉઠ્યા છે. ચોમાસા દરમ્યાન ખુલ્લામાં ફેંકાતા બગડી ગયેલા શાકભાજીના કારણે મૂંગા પશુઓનો આતંક તંત્ર માટે શિરદર્દ બન્યો છે. મોડાસા પાલિકા દ્વારા ખાસ કરીને રખડતા ઢોરના આતંકથી પ્રજાને મુક્તિ અપાવવા આયોજન થઈ રહ્યું છે.



અરવલ્લીના વડા મથક મોડાસા શહેરની અનેક સમસ્યાઓએ તંત્રને ઉંચુ-નીચું કરી દીધું છે. જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડાની કચેરી મોડાસા શહેરની બહાર હોવાથી ૭૦,૦૦૦થી વધુની માનવ વસ્તી, વેપારીઓ અને ઉદ્યોગકારોને કઈ સમસ્યાઓ છે તે સમજ બહાર રહ્યું છે. શૈક્ષણિક સંકુલો માટે પણ અનેક સમસ્યાઓ માથાના દુઃખાવારૂપ બની છે. આ તમામ સમસ્યાઓને નજર અંદાજ કરીએ તો પણ ટ્રાફીક અને રખડતા ઢોરના આતંકથી નાના-મોટા સૌ કોઈ પરેશાન બન્યા છે. દર મહિને મૂંગા પશુના આતંકથી અડધો ડઝનથી વધુ વાહન ચાલકો અને રાહદારીઓ ઘાયલ થયાની ઘટનાઓ સામે આવે છે પરંતુ તંત્રના પેટનું પાણી હલતું નથી. ચૂંટણી આવે એટલે ટ્રાફીકની સમસ્યા હળવી કરીશું, રખડતા ઢોરના આતંકમાંથી મુક્તિ અપાવીશુંના વચનો આપનારા જીત્યા પછી બધું ભૂલી જાય છે. જેના કારણે શાળા-કોલેજો છૂટવા સમયે અનેક વિદ્યાર્થીઓના માથે જીવનું જોખમ ઉભું થાય છે. જિલ્લા પોલીસ દ્વારા દરેક ઉપર દેખરેખ રાખવા માટે નેત્રમ કેમેરા લગાવ્યાની વાહવાહી મેળવાય છે પરંતુ માત્ર ચા ની કીટલી અને ગલ્લા ઉપર બેસી રહેતી ટ્રાફીક પોલીસ અને ટી.આર.બી. જવાનો પોલીસ અધિકારીઓને કેમ દેખાતા નથી..?? જ્યાં સુધી આડેધડ પાર્ક થતા વાહનો અને શટલિયાં ઉપર અંકુશ નહીં આવે ત્યાં સુધી મોડાસાની પ્રજાને ટ્રાફીકમાં રાહત થવાની સંભાવના દૂર દૂર દેખાતી નથી.


# જન્મદિને વધામણી



રણજીતસિંહ અભેસિંહ રાણા
(સંગઠન પ્રમુખ : બાયડ તાલુકા આમ આદમી પાર્ટી, લઘુમતી સેલ)
ડેમાઈ, તા. બાયડ



કનુભાઈ આર. પટેલ
(પૂર્વ પ્રમુખ : મોડાસા નગરપાલિકા)
મોડાસા, જિ. અરવલ્લી



જલ પિયૂષભાઈ પટેલ
આકરૂન્દ, તા. ધનસુરા



વિનયકાન્ત સી. શાહ
(પૂર્વ પ્રમુખ : બાયડ કેમીસ્ટ એસોસીએશન)
બાયડ, જિ. અરવલ્લી

# કાયદાનો અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને વકીલાતનો વ્યવસાય શરૂ કરવા અંગે માર્ગદર્શન શિબિર

હિંમતનગર તા.૭

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લો કોલેજ હિંમતનગર ખાતે તારીખ ૦૭-૦૯-૨૦૨૧ ને મંગળવારના રોજ કાયદાનો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે અને વકીલાતનો વ્યવસાય શરૂ કરવા માંગે છે તે વિદ્યાર્થી ભાઈ બહેનો માટે ખાસ શિબિર નું આયોજન કરવામાં આવેલ. આ શિબિરમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બિનલ પટેલ તથા પ્રોગ્રામ કોર્ડીનેટર ડો.વૈદેહી પંડ્યા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવેલ અને જણાવેલ કે આપણી લો કોલેજ માત્ર ડીગ્રી નહિ પરંતુ ડિગ્રી પછી વકીલાતનો વ્યવસાય શરૂ કરી વિદ્યાર્થીઓને સફળ વકીલ બનાવવામાં પણ યોગદાન આપે છે. ત્યારબાદ નેક કોર્ડીનેટર ડો.જયપ્રકાશ જાની દ્વારા તમામ



વિદ્યાર્થીઓને સનદ મેળવવાના ફોર્મનું વિતરણ કરી અને તેને કેવી રીતે ભરવું તેની સમજ આપેલ તથા બાર કાઉન્સિલ ની પરિક્ષા ના માર્ગદર્શન માટે પણ શિબિર યોજવા મા આવશે તેમ જણાવેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.પારસ જોશી તથા જાનકી રાવલ દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રો ના સહયોગથી સફળ રહેલ.

# મોડાસા સહયોગ ચોકડી ઉપર વિજ ડીપીને વેલા ઘેરી વળ્યા

**વનસ્પતિના વેલા દૂર નહીં થાય તો હાદસાની દહેશત**

મોડાસા (બ્યુરો ઓફિસ) તા.૦૭

મોડાસાની સહયોગ ચોકડી નજીક વિજ ટ્રાન્સફોર્મર ફરતે વનસ્પતિના વેલા ઘેરી વળતાં વિજ હાદસો થવાની દહેશત સેવાઈ રહી છે. ચોમાસામાં વિજ તંત્ર દ્વારા નડતરરૂપ વૃક્ષો તેમજ વેલા દૂર કરવાનું કામ માત્ર કાગળ ઉપર થયું છે જેના કારણે વિજ ડી.પી.ને વનસ્પતિના વેલાએ ભરડો લેતાં વિજ ફોલ્ટ શરૂ થયા છે.



ચોમાસા પૂર્વે વિજ તાર તેમજ ટ્રાન્સફોર્મરને નડતરરૂપ વૃક્ષો તેમજ અન્ય વનસ્પતિના વેલા દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી પરંતુ તંત્રના જવાબદારોએ માત્ર કાગળ ઉપર કામગીરી આટોપી લેતાં ચોમાસામાં ઝાળીઝાંખરાંથી વિજ ડી.પી. ઘેરાઈ જતાં શોધવી પણ મુશ્કેલ બની જાય તેવા દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળે છે. મોડાસા શહેરના બાયપાસ રોડ ઉપર સહયોગ ચોકડી પાસે વિજ ટ્રાન્સફોર્મર ઉપર જાણે કે જંગલી વનસ્પતિના વેલાઓના તોરણ લટકાવવામાં આવ્યા હોય તે રીતે દ્રશ્યો સામાન્ય નાગરિક જોઈ શકે છે પરંતુ વિજ તંત્રના જવાબદારોને આ દ્રશ્યો દેખાતા નથી. જેના કારણે ડી.પી.માં વારંવાર ફોલ્ટ શરૂ થયા છે. તંત્ર દ્વારા નડતરરૂપ વનસ્પતિ દૂર કરવામાં નહીં આવે તો ડી.પી.માં વિજ કરંટ ઉતરવાથી હાદસો થવાની દહેશત જાગૃત નાગરિકોએ વ્યક્ત કરી છે.

# મેઢાસણના પનોતા પુત્રોએ શ્રી જી. કે ભટ્ટ હાઈસ્કુલને ૩,૦૦,૦૦૦નું દાન આપ્યું

મોડાસા તા.૭

મોડાસા તાલુકાના મેઢાસણ ગામના વતની અને મુંબઈ ખાતે રહેતા ઉદ્યોગપતિ વીનયભાઈ મનહરલાલ ભટ્ટજી માદરે વતનની મુલાકાત વેળાએ ગામની શ્રી જી કે.ભટ્ટ શાળા સંકુલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.મુલાકાત પ્રસંગે શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓથી અભિભૂત થઈ દાનવીર ઉદ્યોગપતિ વિનયભાઈ ભટ્ટ દ્વારા શાળા સંકુલને રૂપિયા ૧,૦૦,૦૦૦ નું દાન કરાયું હતુ.તદ્ ઉપરાંત તેમજ મેઢાસણ કેળવણી મંડળના કારોબારી સભ્ય અને ઉદ્યોગપતિ મનહરલાલ વીરચંદાસ શાહ હાલ રહે.મુંબઈ તરફથી શાળાની દીકરીઓ માટે વોશરુમ બનાવવા હેતુ રૂપિયા ૨,૦૦,૦૦૦ની માતબર રકમ મળી બન્ને દાતાઓ દ્વારા ૩,૦૦,૦૦૦નું દાન અર્પણ કર્યું હતુ.શાળાના વિકાસ હેતુ દાન આપનાર બન્ને દાતાઓ પૈકી હજાર વિનયભાઈનું શાળા પરિવાર દ્વારા શાલ તેમજ મોમેન્ટ અર્પણ કરી સન્માન કર્યું હતુ.આ પ્રસંગે મેઢાસણ કેળવણી મંડળનાં પ્રમુખ જગદીશચંદ્ર ડી.પટેલ તેમજ ઉપપ્રમુખ દિલીપસિંહજી જોદ્ધા શાળાના આચાર્ય કલ્પેશભાઈ પ્રજાપતિ તેમજ કારોબારી સદસ્યો, શાળાના સ્ટાફ સહીત બાળકોએ બન્ને દાંતનો સવિશેષ આભાર વ્યકત કર્યો હતો.



# શ્રી શીકા આદર્શ પ્રાથમિક શાળા ખાતે શૈક્ષણીક વ્યાખ્યાનમાળા વર્ષ ૨૦૨૧ કાર્યક્રમ



ધાનેરા, તા. ૭

સોમવતી અમાસ નિમિત્તે શ્રી શીકા આદર્શ પ્રા.શાળા ખાતે શૈક્ષણિક વ્યાખ્યાનમાળા મણકો-૪ અંતર્ગત મુખ્ય વકતા શ્રી આર.એચ.દેસાઇ (પૂર્વ તા.પ્રા.શિ.ધનસુરા) તથા કે.જે.ગોર નિવૃત મ.શિ શીકા હાઈસ્કૂલની ઉપસ્થિતીમાં યોજાઇ ગયો. આ પ્રસંગે મહેશ પંડયા બાયડ, મનીષભાઈ પટેલ બી.આર.સી, ડી.આર પટેલ તથા શીકા સ્ટાફ દ્વારા ઉષાબેન પટેલનું સ્વૈચ્છીક નિવૃત થતા સન્માન કરવામાં આવ્યુ હતુ. શાળાના ૨૨૫ વિધાર્થીઓને શીકા સ્ટાફ તરફથી તીથી ભોજન કરાવવામાં આવ્યુ હતુ.

# શ્રાવણ મહિનો પૂરો : જિલ્લાનાં શિવાલયો સૂમસામ, ભક્તોની હાજરી ગાયબ : અનેકની રોજગારી છીનવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્રાવણી અમાસ અને શિવયોગ સાથે શ્રાવણ મહિનો પૂર્ણ થતાંની સાથે શિવાલયો ભક્તોની હાજરી વગર સૂમસામ ભાસી રહ્યાં છે. આખો મહિનો હરહર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના પંચાક્ષરી મંત્રથી ગુંજી ઉઠતા શિવ મંદિરોમાં શિવભક્તોની હાજરી ગાયબ થઈ છે. નિયમિત રીતે શિવદર્શને આવતા જૂજ દર્શનાર્થીઓ શ્રાવણ મહિનો પૂર્ણ થયા પછી મંદિરમાં દ્રષ્ટી ગોચર થઈ રહ્યા છે.





શિવ આરાધના માટે શ્રાવણ મહિનો સર્વશ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે. ભગવાન ભોળાનાથ સામાન્ય સ્તૂતિ અને માત્ર એક લોટો જળ અભિષેક કરવાથી પ્રસન્ન થઈ જતા હોય છે. જેથી પવિત્ર શ્રાવણ માસમાં ભક્તો શિવકૃપા મેળવવા માટે યથાશક્તિ મુજબ પૂજા અર્ચના થાય છે. જિલ્લામાં શ્રાવણ માસ શરૂ થતાંની સાથે પ્રાચીન શિવમંદિરોમાં ઘંટારવ અને ઝાલરોના રણકાર સાથે હરહર મહાદેવનો નાથ ગુંજી ઉઠ્યો હતો. બંન્ને જિલ્લામાં પ્રકૃતિની ગોદમાં સ્થિત શિવાલયોનું આગવું મહત્વ હોવા ઉપરાંત શિવમંદિરો સાથે ચમત્કારીક લોકવાયકાઓ જોડાયેલા હોવાના કારણે અનેક શિવમંદિરો વર્ષોથી આકર્ષણરૂપ રહ્યાં છે. બાયડના વૈજનાથ મહાદેવ, મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ, સાયરાના ગેબીનાથ મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ, વાત્રકના ધારેશ્વર મહાદેવ, ભિલોડાના ભવનાથ મહાદેવ, જાદરના મૃધણેશ્વર મહાદેવ, પ્રાંતિજ મારકંડેશ્વર મહાદેવ સહિતના શિવમંદિરોમાં શ્રાવણના આરંભ સાથે શિવજીની સોળષોપચારે પૂંજાઅર્ચના કરવામાં આવી. ભક્તોએ જળાભિષેક ઉપરાંત શિવજીને પ્રિય બીલીપત્રો ચઢાવી પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરતાં વાતાવરણમાં શિવલહેરનું મોજુ ફરી વળ્યું હતું પરંતુ ગત રોજ શ્રાવણી અમાસ સાથે શ્રાવણ માસ સંપન્ન થતાં હવે શિવાલયો સૂમસામ ભાસી રહ્યાં છે.

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા બનાસકાંઠા જિલ્લાની સામાન્ય સભા અને કારોબારી બેઠક યોજાઈ

ડીસા, તા. ૭

બનાસકાંઠા બ્રહ્મ સમાજ ની નવિન કારોબારી ની રચના કરવામાં આવી સર્વાનુમતે બનાસકાંઠા જિલ્લા બ્રહ્મ સમાજ ના પ્રમુખ તરીકે ડૉ.બિપીનભાઈ ત્રિવેદી,મહામંત્રી તરીકે જયેશભાઈ દવે અને જિલ્લા સંગઠક માં પ્રકાશ ભાઈ જોષી ની પસંદગી કરવામાં આવી . મહીલા પાંખ માં પ્રમુખ તરીકે નમ્રતાબેન અને મહામંત્રી તરીકે ફાલ્ગુનીબેન ત્રિવેદીની અને મહીલા જિલ્લા સંગઠક માં જાગૃતિબેન મહેતા ની વરણી કરવામાં આવી. યુવા પાંખના પ્રમુખ તરીકે ભાર્ગવભાઈ ઠાકર અને મહામંત્રી તરીકે તુષારભાઈ તેમજ યુવા સંગઠક તરીકે ડૉ.નિરવ પુરોહિત ની પસંદગી કરવામાં આવી આગામી સમયમાં એક ટીમ વર્ક થી સમાજ વિકાસ ના કામો સંકલન થી કરવા અને સમાજ સંગઠન ને મજબુત કરવા.ડૉ.બિપિનભાઈ ત્રિવેદી એ આહવાન કર્યું



# બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહીત અનેક વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો

પાલનપુર, તા. ૭

સરહદી વિસ્તાર એવા બનાસકાંઠા જિલ્લામાં વરસાદ ખેંચાતા દુષ્કાળના ડાકલા વાગી રહ્યા હતા પરંતુ છેલ્લા ચાર દિવસથી બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજાનું આગમન થતાં વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે અને ખેડૂતોમાં પણ અનેરો આનંદ જોવા મળે છે તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા જીલ્લાના અનેક વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો છે દિવસ અને રાતના સમયે વરસાદ વરસી રહ્યા છે ત્યારે આજે ચોથા દિવસે પણ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહીત અનેક વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળે છે ત્યારે મેઘરાજાના આગમનની ખેડૂતોના ઉભા પાકને પણ નવું જીવતદાન મળ્યું છે જેને લઈ ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છેત્યારે ધાનેરા શહેરી વિસ્તાર માં પણ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા પામ્યા છે અને જાહેર રસ્તા પર પાણી ભરાઈ જવા પામ્યા છે.



રક્તદાન મહાદાન

# સાબર રિજીયનના ચેરમેન પદે વરણી

ગાંભોઈ, તા.૦૭

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ સાબર રિજીયનની બેઠક તાજેતરમાં હિંમતનગર તાલુકાના નવાનગરકંપા ખાતે ચેરમેનશ્રી મિનેશભાઈ વાડીયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં આગામી વર્ષ ૨૦૨૧-૨૩ માટે સાબર રિજીયન ડિવિઝન ટીમના ચેરમેન પદે દિલીપભાઈ ધોળુ (હિંમતનગર)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૨૪ કંપા સનાતન સમાજ હિંમતનગરના અગ્રણી જેઠાભાઈ હળપાણી (નવાનગર કંપા), સાબરકાંઠા ઝોન સમાજ પ્રમુખશ્રી રસિકભાઈ છાભૈયા (હિંમતનગરકંપા), અરવલ્લી ઝોન સમાજ પ્રમુખશ્રી અમૃતભાઈ રામાણી(રાજપુરકંપા-વડાગામ), કેન્દ્રિય સમાજના મંત્રીશ્રી અશોકભાઈ ભાવાણી (ધનસુરા), સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધીરજભાઈ પટેલ (ખેડાસણકંપા-વિજયનગર) વગેરે કચ્છ કડવા પાટીદાર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# ધાનેરા તાલુકાના ખીંમત ગામે ભરતસિંહ સોલંકીની અધ્યક્ષતામાં કોરોના ન્યાય સમિતિની સભા યોજાઈ

**દેશમાં આંદોલન નહીં પરંતુ ક્રાંતિની જરૂર છે : ભરતસિંહ સોલંકી**

ધાનેરા, તા. ૭

ધાનેરા તાલુકાના ખીમત ગામના કોંગ્રેસના અગ્રણી ભરતસિંહ સોલંકી ઉપસ્થિતિમાં કોરોના ન્યાય સમિતિની સભા યોજાઈ અને જે લોકોના કોરોના થી મૃત્યુ પામ્યા છે તેવા લોકોને ફૂલહાર કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી સભામાં ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે કોરોના કાળ દરમિયાન અમે લોકો સરકારને મદદ રૂપ થઈ લોકોની સેવા કરવામાં માંગતા હતા સરકારને વખોડવા નઈ પરંતુ તે સમયે પણ સરકારના લોકોએ અમારી વાત ધ્યાન પણ લીધી ન હતી જેથી કરીને કોરોના મહામારીમાં હજારો લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો સરકારી જો પહેલા રેમડેસીવર ઓક્સિજન વેન્ટિલેટર હોસ્પિટલોમાં બેડની સુવિધા કરી હોત તો કદાચ આજે હજારોની સંખ્યામાં લોકોના જીવ બચાવી શકાય હોત તે બાદ કોંગ્રેસ દ્વારા મૃતકના પરિવારોને સહાય ચુકવવામાં આવે તે માટેની યાત્રા પણ શરૂ કરવામાં આવી હતી અને સરકાર દરેક મૃતક ને રૂપિયા ચાર લાખની લઘુતમ સહાય ચૂકવે તેવી માંગ પણ કરી ૪ લાખની સહાય તો લઘુતમ છે બાકી લોકોએ લાખો રૂપિયાની દવા કરાવી અને પોતાને પોતાનું સ્વજન ગુમાવ્યાનો જ વારો આવ્યો હતો જેથી કરીને લોકોને લાખો રૂપિયાની દવા પણ પાણીમાં ગઈ છે જ્યારે સરકાર તમામ મૃતક પરિવારજનોને રૂપિયા ચાર લાખની સહાય આપે તેવી માંગ કરી હતી ભરતસિંહ સોલંકીએ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું આ સરકારે ઉદ્યોગપતિના લાખો રૂપિયાના લેણા માફ કર્યા છે પરંતુ કોરોના માં પૂરતી સુવિધા ન અપાતા લોકો મોતને ભેટયા હતા અને વધુમાં એ પણ જણાવ્યું હતું દેશમાં આંદોલન નહીં પરંતુ ક્રાંતિની જરૂર છે સાથે સાથે ગુજરાતની ભાજપ સરકાર પર આક્ષેપ કરતાં એ પણ જણાવ્યું હતું કે ગુજરાત સરકારના મુખ્યમંત્રી હોય નાયબ મુખ્યમંત્રી અને કોઈ પણ હોય તેમને બે મોઢે બોલવાની આદત છે અને તેમના નાક નીચે જ ગુજરાતમાં દારૂની હાટડીઓ તેમજ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે વધુમાં આક્ષેપ કરતાં એ પણ જણાવ્યું હતું કે ભાજપના કાર્યકરો જ દારૂના અડ્ડા પરથી કમિશન લે છે ખીંમત ગામે યોજાયેલા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ તેમજ કોવિડ ૧૯ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો સહિત કોંગ્રેસ અગ્રણી ભરતસિંહ સોલંકી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી ધાનેરાના ધારાસભ્ય નથાભાઈ પટેલ જોઈતાભાઈ પટેલ દિયોદરના ધારાસભ્યશ્રી શીવાભાઈ ભુરીયા મહેશભાઈ પટેલ હરિસિંગ રાજપુત વિનુભા સોલંકી કોંગ્રેસ કાર્યકરો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



# ગાંભોઈ નીલકંઠ મહાદેવ મંદિરે શ્રાવણ માસના અંતિમ સોમવારે ૧૦૦૧ દિવાની મહાઆરતી

ગાંભોઈ, તા.૦૭

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે આવેલ નીલકંઠ મહાદેવ મંદિરમાં શ્રાવણ માસના અંતિમ સોમવારે સોમવતી અમાસે શિવલિંગનું ફૂલોથી વિશેષ શણગાર, ભસ્મ આરતી અને એક હજાર એક દિવાની મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.



# શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે ધાનેરાના મંદિરોમાં પૂજા તેમજ હવન યજ્ઞ યોજાયો



ધાનેરા, તા. ૭

હિન્દુ ધર્મમાં શ્રાવણ માસને પવિત્ર માસ તરીકે માનવામાં આવે છે અને આ માસ દરમિયાન ધાર્મિક લોકો દ્વારા પૂજા અર્ચના તેમજ દાન કરવામાં આવતું હોય છે ત્યારે આજે શ્રાવણ માસનો છેલ્લો સોમવાર અને છેલ્લો દિવસ હોવાથી ધાનેરાના કેટલાક મંદિરોમાં પૂજા અર્ચના તેમજ હવન યજ્ઞ કરવામાં આવ્યા ધાનેરાના બારોટ વાસ ખાતે આવેલ ક્ષેમકરી માતાના મંદિરે પણ ખબર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધાનેરા નગરપાલિકા પ્રમુખના પતિ સંજયભાઈ સોની તેમજ મોડસીંગ રાવ દ્વારા હવન માં બેસી પૂજા-અર્ચના કરવામાં આવી હતી